સ્વ. લાડુબહેનની જીવનરેખા

[૨૩]

પાલણપુરવાસી જૈન તો એવો ભાગ્યે જ હશે કે જે લાડુબહેનને ન જાણતો હોય. બીજા પણ ઘણાં શહેરોના અનેક જૈનો અને ખાસ કરી વિદ્યાપ્રેમી જૈનો લાડુબહેનને જાણે છે, એવો મારો અનુભવ છે. થોડા દિવસ પહેલાં એ સુશીલા બહેનનું અવસાન અણધારી અને અનિષ્ટ રીતે થયું એ બીના જેઓ તેમના પરિચયમાં આવ્યા હોય તેઓને દુઃખ આપે તેવી છે. એ બહેન વિદ્યાપ્રિય, ચારિત્રશીલ અને સેવાપરાયણ હોવા છતાં તેઓએ નદીમાં ડૂબી આત્મઘાત કરવાનો વિચાર કેમ કર્યો હશે એ પ્રશ્ન એક કોયડા જેવો લાગે છે, પણ છેલ્લા સવાવર્ષ થયાં જેઓ તેમના સહજ પણ પરિચયમાં આવ્યા હતા તેઓને એ પ્રશ્નનો ઉકેલ તેટલો જ સહેલો છે. સવાવર્ષ થયાં તેઓને ચિત્તભ્રમ જેવું થયેલું. શરીર અને મન દિવસે દિવસે ખૂબ જ નબળાં પડતાં ગયાં અને ખાસ કરી માનસિક સ્થિતિ ઉપર તેમનો કાબૂ બહુ જ ઓછો થઈ ગયો. સંકલ્પબળ, નિશ્ચયશક્તિ, અને દૃઢતા જે એમનાં જીવનમાં ખાસ તત્ત્વો હતાં તે બહુ જ ઘટી ગયાં. તેની અસર શરીર ઉપર ખૂબ થઈ. તેમને ક્ષણે ક્ષણે એમ જ લાગતું કે હું હવે જગત માટે ઉપયોગી નથી, બલ્કે બોજારૂપ છું. આ આત્મગ્લાનિ દૂર કરવાના અનેક પ્રયત્નો તેમના પરિચિત ગુણાનુરાગીઓએ અને તેમનાં કુટુંબીઓએ કર્યાં, પણ નિષ્ફળ. લગભગ છેલ્લા બે માસ થયા તેમની માનસિક સ્થિતિ સુધરે એવા હેતુથી શેઠ અમરચંદ તલકચંદનાં પુત્રવધૂ ગંગાસ્વ. મણિબહેન મુંબઈથી અમદાવાદ આવેલાં. એક માસ થયા તો તેઓ સત્યાગ્રહ આશ્રમની નજીક, જ્યાં શ્રી ગંગાબહેન બાલાભાઈ મંછાચંદ રહેતા હતા ત્યાં જઈ રહેલા. મણિબહેનની માફક ગંગાબહેન પણ લાડુબહેનનાં સહૃદય ધર્મબહેન. અને વળી ત્યાં જઈ રહેવામાં આશ્રમનું પ્રસન્ન વાતાવરણ, મહાત્માજીનું પ્રસન્ન વાતાવરણ, મહાત્માજીનું પ્રવચન અને સેવાકાર્ય એ બધાંનો લાભ મળે અને કદાચ લાડુબહેનની માનસિક સ્થિતિ સુધરે એવો ઉદાત્ત હેતુ હતો. પણ ધાર્યું કોનું થાય છે? બીજી બધી બાબતમાં સાવધાન અને શાણપણ ધરાવનાર એ બહેનને પોતાના જીવન વિષે નિરાશાનો ઊંડામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંડો ભ્રમ હતો તે છેવટે જીવ લઈ ને જ ગયો. એ ભ્રમે પહેલાં પણ અનેક-વાર તેમને આત્મઘાત કરવા પ્રેરેલાં, પણ ભેદ ખુલ્લો પડી જવાથી તે બધા પ્રયત્નો નિષ્ફળ ગયેલા. જ્યારે કાળ આવે છે અને અવશ્ય ભાવિ હોય છે, ત્યારે સાવધાન પણ ભૂલી જાય છે. તેઓના જીવનની છેલ્લી રાતે પાસે રહેનાર અને સાવધાન થઈ સંભાળ રાખનાર દરેકને ભૂલવ્યાં. બીજાઓ ઊંઘતાં હતાં ત્યારે એ બહેને નદીનું છેવટનું શરણ લીધું.

નિરાશાના ભ્રમ સિવાયની એ બહેનની બધી મનોવૃત્તિઓ કેટલી શુદ્ધ અને સમભાવશીલ હતી તેની સાક્ષી તે બહેનનો મળી આવેલો છેલ્લો પત્ર જ છે. આ પત્ર જ્યારે બીજે દિવસે મહાત્માજીને આપ્યો ત્યારે તેઓએ વાંચીને કહ્યું કે 'પત્ર પૂરો સમભાવ અને ડહાપણથી ભરેલો છે. આટલી જાગૃતિથી પત્ર લખનાર એ બાઈ કદાચ જીવતી પણ મળી આવે.' પણ એ આશા વ્યર્થ હતી. છેવટ તેઓનું મૃત શરીર નદીમાંથી મળી આવ્યું* અને તેને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. અવસાનને લગતી આટલી ટૂંક હકીકત આપ્યા પછી તેઓના જીવનનો થોડો પરિચય અસ્થાને નહિ ગણાય.

લાડુબહેનને બાલ્યાવસ્થામાં જ વૈધવ્ય પ્રાપ્ત થયેલું. આજે તેઓની ઉંમર ચાળીસ વર્ષથી ઓછી ન હતી. તેઓના શ્વસુરપક્ષનું પારેખ કુટુંબ જાણીતું છે. તેઓનો પિતૃપક્ષ પણ તેટલો જ ખાનદાન છે. શ્વસુર અને પિતૃ એ બંને પક્ષની લાડુબહેન પ્રત્યે ખૂબ મમતા હતી. એટલું જ નહિ, પણ એ બહેનમાં કેટલીક એવી અસાધારણ વિશેષતાઓ હતી કે જેને લીધે એકવાર તેણીના પરિચયમાં આવનાર તેણીના ગુણથી મુગ્ધ જ બની જાય. એ વિશેષતાઓમાં વિનય અને સ્વાર્પણવૃત્તિ મુખ્ય હતાં. લાડુબહેનના વિચારમાં, વ્યવહારમાં અને ભાષણમાં, ઉદ્ધતપણું કદી પણ જોયું હોય એવી એક પણ વ્યક્તિ મળવી દુર્લભ છે. પોતાથી નાના હોય કે મોટા હોય, નોકર હોય કે મજૂર હોય, દરેક સાથે મૃદુતાથી અને હસતે ચહેરે જ

---

*લાડુબહેનનું આ મૃત શરીર, તેમના મૃત્યુના બીજા દિવસે બપોરના વખતે ઉસમાનપુરાની નીચે નદીમાં વહેતું દૃષ્ટિગોચર થયું હતું અને તેને નદીના ભરપૂર પ્રવાહમાંથી કાંઠે આણવાનું વીરતા અને સાહસભરેલું ભારે કામ, પુરાતત્ત્વ મંદિરના મંત્રી ભાઇશ્રી રસિકલાલ પરિખના લઘુબંધુ ભાઈશ્રી સવાઇલાલે બજાવ્યું હતું. એ ૧૭ વર્ષના શૂર બાળકે એ કાર્ય માટે જે પરાક્રમ બતાવ્યું હતું તે ખરેખર આશ્ચર્ય અને અભિમાન ઉપજાવે તેવું હતું.—**જિનવિજય.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હમેશાં બોલવાનું. તેઓની સ્વાર્પણવૃત્તિ તો મેં મારી જિંદગીમાં અન્યત્ર ભાગ્યે જ જોઈ હશે. તેઓની ગમે તેવી કીમતી વસ્તુ પણ લેવા આવનાર માટે માત્ર વસ્તુ જ નહિ પણ કોઈ બીમાર કે બીજી રીતે દુઃખી હોય તો તેની તન–મન–ધનથી સેવા કરી છૂટવું એ જ એ બાઈનો જીવનમંત્ર. ચાલુ વર્ષના મે માસમાં ખરે બપોરે એક નાનું ગધેડું તદ્દન અશક્ત સ્થિતિમાં ખેતરમાં પડેલું. ત્યારે એ બહેને એક વિદ્યાર્થીને સાથે લઈ તેને ઉઠાવી છાંયડામાં મૂકી તેને ખોરાક–પાણીથી ખૂબ જ સંતોષવા પ્રયત્ન કરેલો, એ આ લેખકની જાણમાં છે. એકવાર પાસેના ગામ માદલપુરમાં એક બાઈ બીમાર હોવાની અને ન ઊઠી શકવાની વાત સાંભળતાં જ રાત્રિએ ત્યાં દવા લઈ જવા અને આખી રાત તેની સેવામાં રહેવા તત્પર થયેલાં. કોઈ વિદ્યાર્થી કે અન્ય બીમાર પડે ત્યારે લાડુબહેનને ઊંઘ હોય જ નહિ. કાં તો એ બીમારનું માથું દબાવતાં હોય કે પગ. આ સેવાવૃત્તિ પણ તેઓની કાંઈ કળીયુગી નહોતી. કળીયુગમાં સ્વજનો સાથે અણબનાવ અને પરજનો સાથે સ્નેહ હોવાનો જે નિયમ કહેવાય છે તે આ બાઈમાં કદીયે કોઈએ અનુભવ્યો હશે એમ હું નથી માનતો. એ બાઈ તો સસરાનું કામ હોય કે સાસુનું, જેઠાણીનું હોય કે જેઠનું, ભાઈઓ, ભોજાઈઓ કે બીજાં ગમે તેનું ગમે તેવું કામ હોય, માત્ર કર્તવ્યબુદ્ધિથી તેને કરી જ છૂટે. ખરેખર એ બાઈએ વિનય, મૈત્રી અને અર્પણવૃત્તિની પારમિતા સાધેલી. પણ એ બાઈના જીવનમાં બીજો એક અસાધારણ ગુણ એવો હતો જે બહુ જ ઓછાં સ્ત્રી–પુરુષોમાં હોય છે. તે ગુણ જિજ્ઞાસાનો–વિદ્યા મેળવવાનો.

અઢાર વર્ષ પહેલાંના મારા પ્રથમ પરિચય વખતે મેં એ બહેનને સંસ્કૃતનો અભ્યાસ કરતાં પાલણપુરમાં જોયેલાં. આજકાલના અભ્યાસનો, શારીરિક કામકાજ છોડી આરામવૃત્તિ શોધવાનો દોષ એ બાઈમાં અંશ પણ ન હતો. ઘેરે ઘરના કામમાં અને બીજા વખતે સતત અભ્યાસ કરતાં મેં જોયેલાં. તેઓની આ જિજ્ઞાસાવૃત્તિ પાલણપુરની કોડીબંધ બહેનોમાં અને લઘુ કન્યાઓમાં દાખલ થયેલી. બધી બહેનોને એ બહેન ભણાવે, ભણવા પ્રેરે અને દુઃખી વિધવાઓને સાચો દિલાસો પણ આપે. પાલણપુરની કન્યાશાળા એ તે વખતની બધી જૈન કન્યાશાળાઓમાંની આકર્ષક અને આદર્શ શાળા. અનેક કન્યાઓ સંસ્કૃત ભણે, શુદ્ધ બોલે, અને લખે. આ બધું વાતાવરણ એ લાડુબહેનના અનુકરણનું પરિણામ હતું. લાડુબહેન તો કાવ્ય, ન્યાય, કર્મગ્રંથાદિ પ્રકરણો, હિંદી અને છેવટે થોડું અંગ્રેજી સુદ્ધાં

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

શીખેલાં. તેઓ મુંબઈમાં જાય કે કલકત્તા, પૂના હોય કે અમદાવાદ, કોઈ સંસ્થામાં ગયાં હોય કે કુટુંબીને ત્યાં તેઓનો સ્વાધ્યાય છૂટે જ નહિ. કામ કરવું અને અભ્યાસ કરવો એ બે તેઓની ડાબી જમણી આંખ હતી. છેલ્લા વર્ષની ચિત્તભ્રમની સ્થિતિમાં પણ એ બે ગુણો સતત જાગતા આ લેખકે અનુભવ્યા છે. અનેકવાર મનાઈ કર્યા છતાં ઊંઘ ન આવે ત્યારે લગભગ આખી રાત બેસી કાંઈ ને કાંઈ વાંચતાં તેઓને જોયાં છે. ચિત્ત-ભ્રમ વખતે પણ સ્મૃતિ તો અદ્ભુત હતી. ઈંગ્લિશ અને સંસ્કૃત વાચન મારા માટે કરતાં હોય ત્યારે ઘણીવાર અર્થકલ્પના તેઓની જ કામ આવે. પણ આ ઉપરાંત તેઓએ ઉપરનું સાહિત્ય વાંચવાની તક પણ જતી કરી ન હતી. છેલ્લા માસમાં, આશ્રમમાં ચાલતા હિંદી કલાસમાં તે જતાં. હિંદી લેખન, વાચન અને અર્થજ્ઞાન જોઈ શિક્ષક સુરેન્દ્રજીને કહેવું પડેલું કે લાડુ-બહેન તો સ્વયં શિક્ષિકા–પદને યોગ્ય છે. સત્યાગ્રહ આશ્રમનો એક પણ સ્ત્રી, પુરુષ કે બાળક એવો ભાગ્યે જ હશે જે લાડુબહેનને ન જાણતો હોય.

આટલી બધી શક્તિઓની જાગૃતિ છતાં દુર્દૈવે તેઓના મનમાં એક જ ભ્રમ થઈ આવ્યો અને તે એ કે મારું જીવન નિરર્થક છે. આ ભ્રમ એ તેઓનો કાળ હતો એમ કહેવું જોઈએ. તેઓના ગુણથી મુગ્ધ થયેલાં તેઓનાં માત્ર કુટુમ્બીઓ જ નહિ પણ તેઓના ગુણાનુરાગી તટસ્થ સ્નેહીઓએ પણ તેઓની સ્મૃતિ કાયમ રાખવા કાંઈક વિચાર કર્યો છે એ ખુશીની વાત છે, સ્ત્રીજાતિનું સ્થાન અને તેને લીધે સામાજિક ગૌરવ નહિ સમજનાર કેટલાક પુરુષો અને કેટલીક અણસમજુ બહેનો આવા પ્રસંગનો લાભ લઈ એમ ધારે અગર કહે કે સ્ત્રીઓના ભણવાથી શું? ભણીને શું ઉકાળ્યું? જુઓને ભણ્યા પછી પણ આત્મઘાતનો પ્રસંગ! તો પછી ન ભણવું એ શું ખોટું છે? આ કથન અજ્ઞાન અને અધીરજમાંથી ઉદ્ભવે છે. તેથી શું પુરુષ જાતિમાં કાંઈ ત્રુટી કે દોષ દેખાતા જ નથી? જો ખૂબ ભણતર છતાં પુરુષો-માં કલહ, કંકાસ, મારામારી, લોભ, લાલચ અને અવિચારિતા દેખાય છે તો એ દોષથી સ્ત્રીજાતિ બચી જ જવી જોઈએ એવી આશા રાખવી તે શું વધારે પડતું નથી? વળી એકાદ કોઈ કિસ્સામાં સહેજ અનિષ્ટ અંશ આવે તો તેને આગળ કરી કે મોટું રૂપ આપી બીજા ઇષ્ટ અંશોની કિંમત ન આંકવી એ શું ન્યાયબુદ્ધિ કહેવાય?

એક ઝવેરીની દુકાનમાં કોઈ કારણસર ખાધ આવી એટલે ઝવેરાતના ધંધાનો દોષ? દાક્તરી કે દેશી ઇલાજ કરવા છતાં કોઈ એક જીવી ન શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી શું એ ઇલાજો પૃથ્વી ઉપરથી નિર્મૂળ કરી નાખવા ? આ ઉપરથી આપણે એટલું જ કહી શકીએ કે જ્ઞાનનું ફળ મળે જ છે. પણ સાથે પૂર્વાર્જિત કર્મ જો બળવાન હોય તો તે કર્મ પણ ભોગવ્યા વિના છૂટતાં નથી. અસ્તુ. આ તો એક પ્રાસંગિક વાત થઈ. લાડુબહેનના જીવનના પરિણામે પાલણપુરની સ્ત્રી અને કન્યાવર્ગમાં કાંઈક જિજ્ઞાસા ઉદ્ભવી છે. નિરાલંબન વિધવા બહેનોમાં જ્ઞાનાલંબન લઈ તે માર્ગે જીવન પ્રશસ્ત બનાવવાની વૃત્તિ પેદા થઈ છે. પોતાની તદ્દન દીન અવસ્થાનું ભાન પ્રકટ્યું છે, અને અલ્પાંશે પણ સ્વાશ્રયી વૃત્તિ જાગી છે. સૈકાઓ થયાં અટકી ગયેલું બુદ્ધિનું વહેણ ચાલુ થયેલું છે. જો એટલા અંશો એ બાઈના જીવનને પરિણામે થોડા થોડા પ્રમાણમાં પણ પ્રગટ્યા હોય તો એમ કોણ કહી શકે કે સ્ત્રીની કેળવણી નિષ્ફળ છે ?

લાડુબહેનના સંબંધમાં ઘણું જ લખવા જેવું છે પણ આ સ્થળે આટલું લખવું પણ વધારે જ કહેવાય. આશા છે, કે આ સંક્ષિપ્ત પરિચય વાંચનાર પણ એ બાઈના પરલોકગત આત્માની શાન્તિપ્રાર્થનામાં પોતાનો માનસિક ફાળો આપશે.

['પાલણપુર' પત્રિકાના શ્રાવણ માસના અંકમાં પં. શ્રી સુખલાલજીએ આલેખેલ.]

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org